જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૦૧/૨૦૨૨ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૪૩/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૨/૦૧/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૩૮	૦	૧૧૭૩૮	૧૭૮૪૮	૦	૧૭૮૪૮
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૭	૦	૧૨૭	૩૯૯	૦	૩૯૯
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૯૮૮૩	૧૬૭	૮૦૦૫૦	૮૦૯૩૪	૧૭૦	૮૧૧૦૪
કુલ		૯૬૪૮૧	૧૬૭	૯૬૬૪૮	૧૦૫૪૬૩	૧૭૦	૧૦૫૬૩૩

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૫૭	૪,૬૯,૬૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૯૬૧	૯,૬૧,૦૦૦/-

મોબાઇલ સ્નેચીંગ ગુનાના આરોપીની અટકાયતની વિગત

નરોડા પોલીસ સ્ટેશન

“મોબાઇલ સ્નેચીંગના” ગુનાના એક આરોપીને રૂ.૮૩,૦૦૦/- મુદ્દામાલ સાથે પકડી પાડતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પો.કમેશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના.પો.કમીશ્નર શ્રી ઝોન-૪ નાઓએ મિલકત સબંધી ગુનાઓ શોધી કાઢવા તેમજ ગુના બનતા અટકાવવા સારૂ પેટ્રોલીંગ રાખવા સુચના કરેલ હોઇ જે અનુસંધાને મ.પો.કમીશ્નરશ્રી “જી” ડીવીઝન નાઓએ સુચના કરેલ હોય જે અનુસંધાને નરોડા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી પી.બી.ખાંભલા નાઓના માર્ગદર્શન હેઠળ સર્વે સ્કોડના પો.સબ.ઇન્સ.એ.એમ.પટેલ તથા માણસો પેટ્રોલીંગ હતા દરમ્યાન સાથેના પો.કો વિષ્ણુભાઈ હિરાભાઈ તથા પો.કો.જનકભાઇ પુંજાભાઇ નાઓની સંયુકત બાતમી હકિકત આધારે નરોડા પો.સ્ટે. પાર્ટ-એ-ગુ.ર.નં ૧૧૧૯૧૦૩૫૨૨૦૧૦૦/૨૦૨૨ ઇ.પી.કો.કલમ-૩૭૯(એ)(૩),૧૧૪ મુજબનો ગુનો દાખલ થયેલ હોઈ જે ગુનાના કામે સ્નેચીંગ કરી લઇ ગયેલ આઇફોન મોબાઇલ સાથે નરોડા પાટીયા સર્કલ ખાતેથી બાતમી હકિકત આધારે આરોપી નામે વિક્રમ ઉર્ફ બર્મુડા સ/ઓ પ્રેમપ્રસાદ જાતે રવાની ઉ.વ ૧૮ વર્ષ ૭ દિવસ (જન્મ તારીખ ૧૪-૦૧-૨૦૦૪) ધંધો છુટક મજુરી રહે મોટવાણી બંગ્લોની સામે રાહુલભાઈ સિંધીના ભાડાના મકાનમાં અરૂણાની ચાલીની સામે છારાનગર કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેર મુળ વતન-ગામ નરાહીચાંદી જી ભોજપુર થાના-નરાહીચાંદી પોસ્ટ-કુલડીયા બિહાર નાને ઉપરોક્ત ગુનાના કામે સ્નેચીંગ કરી લઇ ગયેલ એક આઇફોન -૧૩ મોબાઇલ ફોન જેની કિ.રૂ ૮૦,૦૦૦/- તથા એક રેડમી કંપનીનો મોબાઈલ ફોન જેની કિ.રૂ ૩૦૦૦/- ની ગણી કુલ્લે રૂપીયા – ૮૩,૦૦૦/- ના મુદ્દામાલ સાથે ઉપરોક્ત ગુનાના કામે અટક કરી કાયદેશરની કાર્યવાહી કરી સારી કામગીરી કરેલ છે.

આરોપીનુ નામ

વિક્રમ ઉર્ફ બર્મુડા સ/ઓ પ્રેમપ્રસાદ જાતે રવાની (ઉ.વ.૧૮)(ધંધો છુટક મજુરી)(રહે.મોટવાણી બંગ્લોની સામે રાહુલભાઈ સિંધીના ભાડાના મકાનમાં અરૂણાની ચાલીની સામે છારાનગર કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેર મુળ વતન-ગામ નરાહીચાંદી જી ભોજપુર થાના-નરાહીચાંદી પોસ્ટ-કુલડીયા બિહાર

મુદ્દામાલ

આઇફોન- ૧૩ મોબાઇલ ફોન જેની કિ.રૂ ૮૦,૦૦૦/- તથા એક રેડમી કંપનીનો મોબાઈલ ફોન જેની કિ.રૂ ૩૦૦૦/- ની ગણી કુલ્લે રૂપીયા – ૮૩,૦૦૦/- નો મુદ્દામાલ

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી :

સર્વે.સ્વોડ પો.સ.ઇ. એ.એમ.પટેલ તથા પો.કો.રણજીતસિંહ પ્રતાપસિંહ બ.નં.૪૯૯૦ તથા પો.કો.દિલીપભાઇ ભરતભાઇ બ.નં.૫૯૬૪ તથા પો.કો.પીયુષ નટવરલાલ બ.નં.૧૦૧૭૬ તથા પો.કો. વિષ્ણુભાઇ હીરાભાઇ બ.નં-૧૩૧૮૩ તથા પ્રદીપકુમાર રામાભાઇ બ.નં.૧૦૩૬૧ તથા પો.કો.પ્રકાશભાઇ ભીખાભાઇ બ.નં.૧૧૮૦૯ તથા પો.કો.જનકભાઇ પુંજાભાઇ બ.નં.૪૬૦૬ તથા પો.કો.પ્રવિણભાઇ વાઘાભાઇ બ.નં.૬૮૬૩ તથા પો.કો.ધુમકેતુ આત્મારામભાઇ બ.નં.૪૯૨૭ તથા એલ.આર.વિક્રમ પ્રેમસિંહ બ.નં.૧૨૪૨૨ તથા એલ.આર. રાજપાલસિંહ કોદરસિંહ બ.નં.૧૦૧૪૫.





નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૪૪/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી, ૧૯ વ્યક્તિઓને ઝડપી, ૧૩૦ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૩૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૪૫/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ હેઠળ ૧૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ- **સમાચાર યાદી નં.૧૪૬/૨૦૨૨**

નિકોલઃ સિમાબહેન વા/ઓ દિલીપભાઇ મિશ્રા (ઉ.વ.૪૧) (રહે. દિવ્યજીવન લાઇફ સ્ટાઇલ દિપક સ્કુલ સામે નિકોલ) તા.૨૦/૦૧/૨૦૨૨ કલાક ૬/૪૫ વાગ્યાના સુમારે નિકોલ શોહમ બંગ્લોઝ આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ સિમાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૨૫,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ સિમાબહેન મિશ્રાએ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જે.ખાંટ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૪૭/૨૦૨૨**

સરખેજઃ અજરહુશેન અફઝલહુશેન શેખ (ઉ.વ.૩૩) (રહે. ઉરવા પાર્ક સમા સ્કુલની બાજુમાં ફતેવાડી ટાવર પાસે ફતેવાડી વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૧/૨૦૨૨ બપોરના ૩/૦૦ વાગ્યા પહેલા બાકરોલ ચોકડીની બાજુમાં ખોડલ હોટલ પાછળ ગજાલા ફાર્મની સામે ફતેવાડી કેનાલમાં પડી ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ભેમાભાઈ ભાથીભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.